**Sunday**
**30.10.2022**
*Volume :7 * Issue No.89

*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-



# પ્રધાનમંત્રી શ્રી સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાને આગળ ધપાવવા માટે, વડોદરામાં C-295 એરક્રાફ્ટ વિનિર્માણ સુવિધાનો શિલાન્યાસ કરશે

## પ્રધાનમંત્રી શ્રી ૩૦ ઓક્ટોબરથી ૧ નવેમ્બર સુધી ગુજરાત અને રાજસ્થાનની મુલાકાત લેશે

### પ્રદેશમાં પાણી પુરવઠામાં વૃદ્ધિ કરવા માટે બનાસકાંઠાના થરાદમાં રૂપિયા ૮૦૦૦ કરોડના ખર્ચે પાણી પુરવઠાલક્ષી પરિયોજનાઓના કામ શરૂ કરાશે

**પ્રધાનમંત્રી કેવડિયામાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે**

**પ્રધાનમંત્રી આરંભ ૪.૦ના સમાપન પ્રસંગે ૯૭મા કોમન ફાઉન્ડેશન કોર્સના અધિકારી તાલીમાર્થીઓને સંબોધન આપશે**

**અમદાવાદના અસારવા ખાતે પ્રધાનમંત્રી દ્વારા રૂપિયા ૨૯૦૦ કરોડથી વધુની રેલવે પરિયોજનાઓનું લોકાર્પણ કરવામાં આવશે**

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૩૦ ઓક્ટોબરથી ૧ નવેમ્બર ૨૦૨૨ સુધી ગુજરાત અને રાજસ્થાનની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી ૩૦ ઓક્ટોબરે વડોદરા ખાતે નવી તૈયાર થનારી C-295 એરક્રાફ્ટ વિનિર્માણ સુવિધાનો શિલાન્યાસ કરશે. ૩૧ ઓક્ટોબરના રોજ પ્રધાનમંત્રી કેવડિયાની મુલાકાત લેશે. તેઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. ત્યારબાદ તેઓ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. પ્રધાનમંત્રી આરંભ ૪.૦ના સમાપન પર ૯૭મા કોમન ફાઉન્ડેશન કોર્સના અધિકારી તાલીમાર્થીઓને સંબોધન આપશે. ત્યારબાદ પ્રધાનમંત્રી બનાસકાંઠા જિલ્લામાં પહોંચશે, જ્યાં તેઓ થરાદ ખાતે વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનો શિલાન્યાસ કરશે. તેઓ અમદાવાદમાં રાષ્ટ્રની ચાવીરૂપ રેલવે પરિયોજનાઓનું પણ લોકાર્પણકરશે. ૧ નવેમ્બરના રોજ, પ્રધાનમંત્રી રાજસ્થાનના બાંસવાડા જિલ્લાની મુલાકાતે જશે, જ્યાં તેઓ 'માનગઢ ધામ કી ગૌરવ ગાથા' નામના એક જાહેર કાર્યક્રમ સહભાગી થશે. ત્યારબાદ, તેઓ



**દેશમાં ખાનગી ક્ષેત્રમાં તે પ્રથમ એરક્રાફ્ટ વિનિર્માણ સુવિધા બનશે**

**પ્રધાનમંત્રી પંચમહાલના જાંબુઘોડામાં વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે**

ગુજરાતના પંચમહાલ જિલ્લામાં આવેલા જાંબુઘોડા ખાતે વિવિધ વિકાસ યોજનાઓનું લોકાર્પણઅને શિલાન્યાસ કરશે.

**પ્રધાનમંત્રીની વડોદરાની મુલાકાત**

પ્રધાનમંત્રી વડોદરાની મુલાકાત દરમિયાન, C-295 એરક્રાફ્ટ વિનિર્માણ સુવિધાનો શિલાન્યાસ કરશે - દેશમાંખાનગી ક્ષેત્રની આ પ્રથમ એરક્રાફ્ટ વિનિર્માણ સુવિધા બનશે. આ સુવિધાનો ઉપયોગ ટાટા એડવાન્સ સિસ્ટમ લિમિટેડ અને એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ, સ્પેન વચ્ચેના સહયોગ દ્વારા ભારતીય વાયુસેના માટે 40 C-295 એરક્રાફ્ટનું ઉત્પાદન કરવા માટે થશે. આ સુવિધા સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાની દિશામાં લેવાનારુંએક મુખ્ય પગલું હશે અને આ ક્ષેત્રના ખાનગી ખેલાડીઓની ક્ષમતાને ખુલ્લો દોર આપવામાં પણ મદદ કરશે. આત્મનિર્ભર ભારત અંતર્ગત એરોસ્પેસઉદ્યોગમાં ટેક્નોલોજીકલ અને વિનિર્માણની પ્રગતિ દર્શાવતા પ્રદર્શનની પણ પ્રધાનમંત્રી મુલાકાત લેશે.

**રાજસ્થાનની મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી સ્વાતંત્ર્ય સંગ્રામના વિસરાઇ ગયેલા આદિવાસી નાયકો અને શહીદોના બલિદાનને શ્રદ્ધાંજલિ રૂપે યોજનારા જાહેર કાર્યક્રમ 'માનગઢ ધામ કી ગૌરવ ગાથા'**

**પ્રધાનમંત્રીની કેવડિયાની મુલાકાત**

પ્રધાનમંત્રીની દૂરંદેશી પરથી પ્રાપ્ત થયેલા માર્ગદર્શન હેઠળ, રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષાને જાળવવા અને મજબૂત કરવાના આપણા સમર્પણને વધુ મજબૂત કરવા માટે ૨૦૧૪માં નિર્ણય લેવામાં આવ્યો હતો કે, સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ એટલે કે ૩૧ ઓક્ટોબરનેદરવર્ષે રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવશે. આથી, પ્રધાનમંત્રી કેવડિયાના સ્ટેટસ ઓફ યુનિટી ખાતે રાષ્ટ્રીય એકતાદિવસની ઉજવણીમાં ભાગ લેશે. આ ઉજવણી રાષ્ટ્રીય એકતા દિવસપરેડની સાક્ષી બનશે, જેમાં BSF અને પાંચ રાજ્ય પોલીસ દળોની ટુકડીઓ, જેમાં ઉત્તર ઝોન (હરિયાણા), પશ્ચિમ ઝોન (મધ્યપ્રદેશ), દક્ષિણ ઝોન (તેલંગાણા), પૂર્વીય ઝોન (ઓડિશા) અને નોર્થ ઈસ્ટર્ન ઝોન (ત્રિપુરા)ની ટુકડીઓ દ્વારા પરેડ કરવામાં આવશે. તે ઉપરાંત, કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ના છ પોલીસ સ્પોર્ટ્સ મેડલ વિજેતાઓ પણ પરેડમાં ભાગ લેશે.

અંબાજીના આદિવાસી બાળકોના મ્યુઝિકલ બેન્ડ દ્વારા પરફોર્મન્સરજૂ કરવામાં આવશે જે આ કાર્યક્રમનું વિશેષ આકર્ષણ બની રહેશે. બેન્ડના સભ્યો એક સમયે અંબાજી મંદિરમાં ભીખ માંગતાહતા. પ્રધાનમંત્રીએ અગાઉ પણ આ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને ત ગયા મહિને તેઓ જ્યારે અંબાજીની મુલાકાતે આવ્યા હતા ત્યારે પણ તેમની સમક્ષ આ બાળકોએ પરફોર્મન્સ આપ્યું હતું. અન્ય મુખ્ય આકર્ષણોમાં "હમ એક હૈ, હમ શ્રેષ્ઠ હૈ" થીમ પર NCC દ્વારા એક વિશેષ શો રજૂ કરવામાં આવશે અને અન્ય એક આકર્ષણમાં 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમનો સમાવેશ થાય છે, જેમાં જોડી બનાવેલા રાજ્યો દ્વારા એકસાથે પરફોર્મન્સ આપવામાં આવશે અને આપ્રકારે આપણી સંસ્કૃતિનુંપ્રદર્શન કરવામાં આવશે.

પ્રધાનમંત્રી આરંભ ૪.૦ના સમાપન પર ૯૭મા કોમન ફાઉન્ડેશન કોર્સના અધિકારી તાલીમાર્થીઓને સંબોધન આપશે. આરંભનું ૪થું સંસ્કરણ "ડિજિટલ ગવર્નન્સ: ફાઉન્ડેશન એન્ડ ફ્રન્ટિયર્સ"ની થીમ પર રાખવામાં આવ્યું છે, જેમાં અધિકારી તાલીમાર્થીઓને જાહેર સેવાઓ પહોંચાડવાની કામગીરીને વધુ મજબૂત બનાવવા અને છેવાડાની વ્યક્તિ સુધી સેવાની ડિલિવરી વધુ પારદર્શક, અસરકારક અને કાર્યદક્ષ બનાવવા માટે ટેકનોલોજીકલ સોલ્યુશન્સનો લાભ કેવી રીતે લઈ શકાયતે શીખવામાં મદદ કરવામાં આવી છે.

આ બેચમાં ૨૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૧૩ સેવાઓના ૪૫૫ અધિકારી તાલીમાર્થીઓનોસમાવેશ કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી કેવડિયા ખાતે પર્યટકો માટે શરૂ કરવામાં આવેલા બે નવા આકર્ષણો - મેઝ ગાર્ડનઅનેમિયાવાકી ફોરેસ્ટનુંપણ લોકાર્પણ કરશે. મેઝ ગાર્ડન ૩ એકરજમીનમાં ફેલાયેલો છે, જેથી હાલમાં તે દેશનો સૌથી મોટો મેઝ ગાર્ડન બની ગયો છે. તેમાં કુલ આશરે ૨.૧ કિમીનો પાથ-વે તૈયાર કરવામાં આવ્યો છે. તેની ડિઝાઇન 'શ્રીયંત્ર'ના આકારમાં તૈયાર કરવામાં આવી છે, જેના કારણે તે સ્થાન પર સકારાત્મક ઉર્જા લાવે છે તેવું માનવામાં આવે છે. ગાર્ડનમાં કુલ ૧.૮ લાખ છોડ વાવવામાં આવ્યા છે, જેનાથી સમગ્ર પરિદૃશ્યની સુંદરતામાં વધારો કર્યો છે. મિયાવાકી ફોરેસ્ટ લગભગ ૨ એકર વિસ્તારમાં વિકસાવવામાં આવ્યું છે. તેમાં નેટિવ ફ્લોરલ ગાર્ડન, ટિમ્બર ગાર્ડન, ફ્રુટ ગાર્ડન, ઔષધીય ગાર્ડન, મિશ્ર પ્રજાતિ મિયાવાકી સેક્શન અને ડિજિટલ ઓરિએન્ટેશન સેન્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે જાપાની વનસ્પતિશાસ્ત્રી અકીરા મિયાવાકી દ્વારા પ્રેરિત ટેકનિકનો ઉપયોગ કરીનેવિકસાવવામાં આવ્યો છે. આ ટેકનિક ટૂંકા ગાળામાં ગાઢ, નેટિવ જંગલો તૈયાર કરવામાં મદદ કરે છે.

**પ્રધાનમંત્રીની બનાસકાંઠાની મુલાકાત**

પ્રધાનમંત્રી બનાસકાંઠામાં થરાદનીમુલાકાત લેશે. તેઓ એક જાહેર કાર્યક્રમ દરમિયાન, રૂ. ૮૦૦૦ કરોડથીવધુ મૂલ્યની પાણી પુરવઠા પરિયોજનાનું કામ શરૂ કરાવશે. પ્રધાનમંત્રી દ્વારા મુખ્ય નર્મદા કેનાલમાંથી કસારાથી દાંતીવાડા સુધીની પાઈપલાઇન સહિત અનેક પરિયોજનાઓનો શિલાન્યાસ કરવામાં આવશે, જેની કુલ અંદાજિત કિંમત રૂ. ૧૫૬૦ કરોડ છે. આ પરિયોજનાઓપાણી પુરવઠામાં વધારો કરશે અને પ્રદેશના ખેડૂતો માટે પણ ફાયદાકારક સાબિત થશે. આ કાર્યક્રમ દરમિયાન સુજલામ સુફલામ કેનાલનું મજબુતીકરણ, મોઢેરા-મોતી દાઉ પાઈપલાઈનનું મુક્તેશ્વર ડેમ-કર્મવત તળાવ સુધી વિસ્તરણ, સાંતલપુર તાલુકાના ૧૧ ગામો માટે લિફ્ટ ઈરીગેશન યોજના સહિતની અનેક યોજનાઓનીજાહેરાત પણકરવામાં આવશે.

**પ્રધાનમંત્રીની અમદાવાદની મુલાકાત**

પ્રધાનમંત્રી અમદાવાદમાં અસારવા ખાતે રૂ. ૨૯૦૦ કરોડથી વધુ મૂલ્યની બે રેલવે પરિયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરશે. આ પરિયોજનાઓમાં અમદાવાદ (અસારવા) - હિંમતનગર - ઉદયપુર ગેજ કન્વર્ટેડ લાઇન અને લુણીધર- જેતલસર ગેજ કન્વર્ટેડ લાઈનનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી ભાવનગર- જેતલસર અનેઅસારવા- ઉદયપુર વચ્ચે શરૂ કરવામાં આવેલી નવી ટ્રેનોને પણ લીલી ઝંડી બતાવીને તેનો પ્રારંભ કરાવશે. સમગ્ર દેશમાં યુનિ-ગેજ રેલ પ્રણાલીને ધ્યાનમાં રાખીને, રેલવે દ્વારા હાલની નોન બ્રોડગેજ રેલવે લાઈનોને બ્રોડગેજમાં રૂપાંતરિત કરવામાં આવી રહીછે. પ્રધાનમંત્રીદ્વારા લોકાર્પણ કરવામાં આવનારી આ પરિયોજનાઓ આ દિશામાં લેવામાં આવેલું વધુ એક પગલુંછે. અમદાવાદ (અસારવા) - હિંમતનગર - ઉદયપુર ગેજ કન્વર્ટેડ લાઈનની લંબાઈ લગભગ ૩૦૦ કિમી જેટલી છે. તેનાકારણે કનેક્ટિવિટીમાં સુધારો થશે અનેઆ પ્રદેશમાં પ્રવાસીઓ, વેપારીઓ, ઉત્પાદન એકમો અને ઉદ્યોગોમાટે ફાયદાકારકસાબિત થશે, પરિણામ સ્વરૂપે તેનાથી રોજગારીની તકોને વેગ મળશે અને પ્રદેશના સામાજિક-આર્થિક વિકાસમાં મદદ કરશે. ૫૮ કિમી લાંબી લુણીધર-જેતલસર ગેજ કન્વર્ટેડ લાઈન પીપાવાવ પોર્ટ અને ભાવનગર માટે વેરાવળ અને પોરબંદરથી નાનોરૂટ પૂરો પાડશે. આ પરિયોજનાના કારણે આ સેક્શનમાં માલવાહક પરિવહન ક્ષમતામાં વધારો થશે, આથી હાલમાં વ્યસ્ત રહેતા કાનાલુસ - રાજકોટ - વિરમગામ રૂટની ભીડ ઓછી થશે. તે હવે ગીર અભયારણ્ય, સોમનાથ મંદિર, દીવ અને ગિરનારની ટેકરીઓ સાથે નિરંતર કનેક્ટિવિટીની સુવિધા પૂરી પાડશે અને આ પ્રકારે આપ્રદેશમાં પર્યટનને પણ વેગ મળશે.

**પ્રધાનમંત્રી કેવડિયા ખાતે બે નવા પર્યટન આકર્ષણો - મેઝ ગાર્ડન અને મિયાવાકી ફોરેસ્ટનું લોકાર્પણ કરશે**

**પ્રધાનમંત્રીની પંચમહાલની મુલાકાત**

પ્રધાનમંત્રી પંચમહાલના જાંબુઘોડા ખાતે આશરે રૂ. ૮૬૦ કરોડની પરિયોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. તેઓ ગોધરામાં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના નવા પરિસરનું લોકાર્પણ કરશે. તેઓ વાડેક ગામ ખાતે આવેલી સંત જોરિયા પરમેશ્વર પ્રાથમિક શાળા અને સ્મારક તેમજ દાંડિયાપુરા ગામ સ્થિત રાજા રૂપસિંહનાયકપ્રાથમિક શાળા અને સ્મારકનું પણ લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રી ગોધરા ખાતે કેન્દ્રીય વિદ્યાલયનીઈમારતનો શિલાન્યાસ કરશે. તેઓ રૂ. ૬૮૦ કરોડથી વધુની કિંમતની પરિયોજનાઓ એટલે કે, ગોધરા મેડિકલ કોલેજના વિકાસ અને કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટીના વિસ્તરણ માટે શિલાન્યાસ પણ કરશે.

**પ્રધાનમંત્રીની બાંસવાડાની મુલાકાત**

આઝાદી કા અમૃત મહોત્સવના ભાગ રૂપે, સરકારે સ્વતંત્રતાના સંગ્રામના અસંખ્ય આદિવાસી નાયકોએ આપેલા બલિદાનને યાદ કરવા માટે અનેક પગલાંઓ હાથ ધર્યા છે. દર વર્ષે ૧૫ નવેમ્બર (આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડાની જન્મજયંતિ)ને 'જનજાતિ ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય, આદિવાસી લોકોએ સમાજમાં આપેલા યોગદાનને બિરદાવવા માટે અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમના બલિદાન વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે દેશભરમાં આદિવાસી સંગ્રહાલયોની સ્થાપના વગેરે પગલાંઓનો તેમાં સમાવેશ થાય છે. આ દિશામાં લેવામાં આવેલા વધુ એક પગલા તરીકે, પ્રધાનમંત્રી સ્વતંત્રતા સંગ્રામના અસંખ્ય આદિવાસી નાયકો અને શહીદોના બલિદાનને શ્રદ્ધાંજલિ આપવા માટે રાજસ્થાનના બાંસવાડા ખાતે માનગઢ હિલમાં યોજવામાં આવનારા જાહેર કાર્યક્રમ- 'માનગઢ ધામ કી ગૌરવ ગાથા'માં ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી ભીલ સ્વાતંત્ર્ય સેનાની શ્રી ગોવિંદ ગુરુને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે અને ભીલ આદિવાસીઓ તેમજ પ્રદેશની અન્ય આદિવાસી વસ્તીના જનસભામાં પણ સંબોધન આપશે. માનગઢ હિલ વિશેષરૂપે ભીલ સમુદાય અને રાજસ્થાન, ગુજરાત તેમજ મધ્યપ્રદેશની અન્ય જનજાતિઓ માટે મહત્વ ધરાવે છે. સ્વતંત્રતાના સંગ્રામ દરમિયાન ભીલો અને અન્ય જનજાતિઓ અંગ્રેજો સામે લાંબી લડાઈમાં રોકાયેલા હતા ત્યારે, ૧.૫ લાખથી વધુ ભીલોએ ૧૭ નવેમ્બર ૧૯૧૩ના રોજ માનગઢ હિલ ખાતે શ્રી ગોવિંદ ગુરુના નેતૃત્વમાં રેલી કાઢી હતી. અંગ્રેજોએ આ મેળાવડા પર ગોળીબાર કર્યો, જેના કારણેમાનગઢહત્યાકાંડ થયોહતો અને તેમાં આશરે ૧૫૦૦ આદિવાસીઓ શહીદ થયા.

# નડિયાદ સ્ટેશન પર 2.25 કરોડના ખર્ચે નવનિર્મિત રેલવે ફુટઓવરબ્રિજનું લોકાર્પણ કરાયું







કમલમ્ ન્યુઝ,

ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદ જંકશન સ્ટેશન પર ૨.૨૫ કરોડના નવનિર્મિત રેલવે ફુટ ઓવરબ્રિજનું કેન્દ્રીય સંચાર રાજયમંત્રી દેવુસિંહ ચૌહાણના હસ્તે લોકાર્પણ કરાયું હતું.આ પ્રસંગે મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ, પશ્ચિમ રેલવે ડિવિઝન, વડોદરાના ડી.આર. એમ. અમિતકુમાર ગુપ્તા સહિત રેલવેના અન્ય અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે,અંદાજીત ૨.૨૫ કરોડના ખર્ચે નડીઆદ સ્ટેશન પર આ ફુટ ઓવરબ્રિજ બનાવાયો છે, જેનું આજે લોકાર્પણ કરાયુંછે. ફુટ ઓવરબ્રિજની બંને બાજુ લીફ્ટનું કામ પણપૂર્ણ થવામાં છે. આ ઉપરાંત ગુજરાત ગૌરવયાત્રા દરમિયાન કેન્દ્રીય રેલવેપ્રધાન અશ્વિની વૈષ્ણવજીએ નડિયાદની મુલાકાત લીધી ત્યારે નડિયાદ એ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિ હોઈ તેમની સ્મૃતિની થીમ પર નડિયાદ સ્ટેશનને વિશ્વ સ્તરીય ઓપ આપી તેનું બાંધકામ કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી અને એ દિશામાં ડિઝાઈન સહિતની કામગીરી માટે શ્રદ્ધેય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ આશીર્વાદ આપ્યા છે ત્યારે આ કાર્ય પણ આગામી સમયમાં ઝડપથી હાથ ધરાશે. નડિયાદપૂર્વ પશ્ચિમને જોડતો બ્રિજ પણ સ્ટેશન પર બનાવવાની યોજના પણ આ કાર્યમાંસમાવિષ્ટ થાય તેવી વિચારણા હોવાનું પણ કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણે ઉમેર્યુંહતું.નડિયાદ સ્ટેશન પર નવનિર્મિત ફુટ ઓવરબ્રિજનો મુસાફરો ઉપયોગ કરે અને રેલવે ટ્રેક પરપાટા ઓળંગી નિયમો તોડવાનુંટાળી જીવનસલામતી અનેપોતાના પરિવારનોખ્યાલ રાખવાપણ કેન્દ્રીય મંત્રી દેવુસિંહચૌહાણે અપીલ કરી હતી.

## તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રીએ હજારો યુવા ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા હતા જેમને વિવિધ ગ્રેડમાં વિવિધ પોસ્ટ્સ માટે નિમણૂક પત્ર આપવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રીએ યાદ કર્યું કે ધનતેરસના શુભ દિવસે તેમણે રાષ્ટ્રીય સ્તરે રોજગાર મેળાનો પ્રારંભ કર્યો હતો જ્યાં તેમણે ૭૫,૦૦૦ ઉમેદવારોને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું હતું. પ્રધાનમંત્રીએ ધનતેરસના દિવસે કહ્યું હતું કે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સમાન રોજગાર મેળાનું આયોજન કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત ઝડપથી આગળ વધી રહ્યું છે અને આજે ૫૦૦૦ ઉમેદવારોને ગુજરાત પંચાયત સેવા બોર્ડમાંથી નિમણૂક પત્રો મળી રહ્યા છે, ૮૦૦૦ ઉમેદવારોને ગુજરાત સબ ઈન્સ્પેક્ટર ભરતી બોર્ડ અને લોકરક્ષક ભરતી બોર્ડમાંથી તેમના નિમણૂક પત્રોમળી રહ્યા છે. પ્રધાનમંત્રીએ આ ઝડપી પ્રતિસાદ માટે ગુજરાતના મુખ્યમંત્રી અને તેમની ટીમની પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ માહિતી આપી હતી કે તાજેતરના સમયમાં ગુજરાતમાં ૧૦ હજાર યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે અને આગામી એક વર્ષમાં ૩૫ હજાર જગ્યાઓ ભરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રીએ ગુજરાતમાં રોજગાર અને સ્વ-રોજગારની ઘણી તકો ઊભી કરવા માટે રાજ્યની નવી ઔદ્યોગિક નીતિને શ્રેય આપ્યો હતો. તેમણે ઓજસ જેવા ડિજિટલ પ્લેટફોર્મની પ્રશંસા કરી અને વર્ગ ૩ અને ૪ની પોસ્ટમાં ઈન્ટરવ્યુ પ્રક્રિયા નાબૂદ કરી. તેમણે કહ્યું કે, 'અનુબંધમ' મોબાઈલ એપ અને વેબ પોર્ટલ દ્વારા રાજ્યમાં રોજગાર શોધનારાઓ અને નોકરી આપનારાઓને જોડીને રોજગારને સરળ બનાવવામાં આવી રહી છે. તેવી જ રીતે, ગુજરાત જાહેર સેવા આયોગના ઝડપી ભરતી મોડલની રાષ્ટ્રીય સ્તરે પ્રશંસા કરવામાં આવી છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આગામી મહિનાઓમાં આ પ્રકારના રોજગાર મેળાઓનું રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે આયોજન થતું રહેશે. જ્યાં કેન્દ્ર સરકાર ૧૦ લાખ નોકરીઓ આપવા પર કામ કરી રહી છે, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પણ આ અભિયાનમાં જોડાઈ રહ્યા છે, જેનાથી સંખ્યા નોંધપાત્ર રીતે વધશે. "આ લાસ્ટ માઈલ ડિલિવરી અને સરકારી યોજનાઓના કવરેજની સંતૃપ્તિ માટેની ઝુંબેશને ભારે મજબૂત બનાવશે", એમ તેમણે કહ્યું. ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્રના દરજ્જા તરફ ભારતની કૂચમાં આ યુવાનોની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને રેખાંકિત કરતાં પ્રધાનમંત્રીએ તેમને સમાજ અને દેશ પ્રત્યેની તેમની ફરજ નિભાવવા જણાવ્યું હતું. તેમણે તેમને શીખવાનું અને કુશળ બનવાનું ચાલુ રાખવા અને નોકરી શોધવાને તેમની વૃદ્ધિનો અંત ન ગણવા પણ કહ્યું. ''આ તમારા માટે ઘણા દરવાજા ખોલે છે. સમર્પણ સાથે તમારું કામ કરવાથી તમને અસંખ્ય સંતોષ મળશે અને વૃદ્ધિ અને પ્રગતિના દ્વાર ખુલશે,''એમ કહી પ્રધાનમંત્રીએ સમાપન કર્યું.

# સાબરકાંઠ જિલ્લાની ૬ નગરપાલિકામાં યુનિટી સાઇકલ રેલી યોજાઇ

## હિંમતનગર શહેરમાં યોજાયેલી સાઇકલ રેલીમાં અંદાજે ૧૦૦ જેટલા લોકોએ ભાગ લીધો





કમલમ્ ન્યુઝ,ઈકબાલ મેમણ/યુનુસ મેમણ સાબરકાંઠા

૩૧ મી ઑક્ટોબર દેશભરમાં ''રાષ્ટ્રીય એકતા દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. એકતા અને અંખડીતતાના પર્યાય એટેલે સરદાર વલ્લભભાઈ પટેલ. ભારત સરકાર દ્વારા ૨૦૧૪માં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિના ઉપલક્ષમાં આ ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી.રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે દેશભરમાં વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય એક્તા દિવસ કાર્યક્રમની ઉજવણી નિમિત્તે જિલ્લાની ૬ નગરપાલિકાઓમાં સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ. હિંમતનગર શહેરમાં યોજાયેલી સાઈકલ રેલીમાં ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, નગરપાલિકા પ્રમુખશ્રી યતિનબેનમોદી, હિંમતનગર મામલતદારશ્રી અંકિતભાઈ, જિલ્લા રમતગમત અધિકારીશ્રી મહેશભાઈ ચૌધરી,પ્રાંત યુવા વિકાસ અધિકારી રાકેશભાઈ ચૌધરી, નગર પાલિકા ચીફ ઓફીસરશ્રી નવનીતભાઈ પટેલ,, ઈ.ચા જિલ્લા યુવા વિકાસ અધિકારી આશાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

તા. ૨૬-૧૦-૨૦૨૨ ના રોજ ગાંધીનગર મહાનગરના વોર્ડ ૧૧ ના સુઘડ તેમજ અમિયાપુર ગામ ખાતેના માતાજીના ગરબામાં હાજરી આપી દર્શન કરી આશીર્વાદ લેવાનું તેમજ માતાજીની આરતી ઉતારવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું, આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, કોર્પોરેટરશ્રી માણેકજી ઠાકોર, શહેર બક્ષીપંચ મોરચાના પ્રમુખશ્રી મહોતજી ઠાકોર, શહેર કિશાન મોરચાના ઉપપ્રમુખશ્રી ભાર્ગવભાઈ પટેલ, વોર્ડ ૧૧ ના પ્રમુખશ્રી અલ્પેશભાઈ પટેલ, મહામંત્રીશ્રી ભવાનસિંહ વાઘેલા, ઉપપ્રમુખશ્રી તેજસભાઈ આચાર્ય, સુમનભાઈ પટેલ, મંત્રીશ્રી સમીરભાઈ પટેલ ગામ આગેવાનો તથા કાર્યકર્તા મિત્રો હાજર રહેલા.

# ૭ વર્ષની હૃદયની તકલીફ અને ૭ આંકડાના ખર્ચમાંથી મુક્તિ

કમલમ્ ન્યુઝ,

ખેતમજૂરી કરતા વ્યક્તિનું હૃદય બંધ થવાની કગાર પર હતું, હૃદયને ધબકતું રાખવા સાત વર્ષથી સંઘર્ષ કરતા આ વ્યક્તિને અનેક વખત હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું. શ્વાસ રૂંધાવો, વારંવાર બેચેની થવી જેવી સમસ્યાઓ જીવનનો નિત્યક્રમ બની ગઇ હોય... આવી સમસ્યામાંથી પસાર થતો ગરીબ વ્યક્તિ પ્રભુને ફક્ત આટલી જ પ્રાર્થના કરે : ''પ્રભુ મને તારા શરણોમાં લઇ લે'' હૃદયની અતિગંભીર સમસ્યા કે જેમાં પ્રત્યારોપણ જ એક માત્ર વિકલ્પ હોય. આ પ્રત્યારોપણની સારવાર ગરીબપરીવાર માટે તો સ્વપ્ન સમી જ હતી.. ભાવનગરના ડોડિયા પરિવારનો ૨૯ વર્ષનો દીકરો આ તમામ સમસ્યામાંથી સાત વર્ષથી પસાર થઈ રહ્યો હતો અને વધું જીવવાની આશા ગુમાવી ચૂક્યો હતો. ત્યાં એકાએક ગઇ કાલે તેને સિવિલ હોસ્પિટલમાંથી ૪૦ વર્ષના રાજુભાઇ ડાભીનું હૃદય અંગદાનમાં મળ્યું. યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ ૨૯ વર્ષીય યુવક દર્દીમાં આ અંગદાનમાં મળેલા હૃદયને પ્રત્યારોપણ કરવામાં આવ્યું. પ્રત્યારોપણ સફળ રહ્યું અને યુવકને નવજીવન મળ્યું. અત્યાર સુધી સમાજમાં એવી માનસિકતા હતી કે માલેતુજાર લોકોની પીડા દૂર કરવા માટે જ હૃદય પ્રત્યારોપણ છે. ખાનગી હોસ્પિટલમાં આશરે ૨૫થી ૩૦ લાખની માતબર રકમના ખર્ચે થતું હૃદય ટ્રાન્સપ્લાન્ટ ધનિક લોકો જ કરાવી શકતા હોય છે. પરંતુ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના સક્ષમ માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા સંચાલિત સિવિલ મેડિસિટીની યુ.એન. મહેતા હોસ્પિટલમાં હૃદયના પ્રત્યારોપણ જેવા મોટા ઑપરેશન પણ શક્ય બન્યા છે. સિવિલ મેડિસિટીમાં હૃદયનું પ્રત્યારોપણ શરૂ થતા રાજ્યના હજારો ગરીબ પરિવારો કે જેમાંથી કેટલાક દર્દીઓને હૃદયની ગંભીર સમસ્યા હોય, જેમના માટે હૃદયના પ્રત્યારોપણ સિવાય અન્ય કોઈ



### ખાનગી હોસ્પિટલમાં આશરે ૨૫થી ૩૦ લાખના ખર્ચે થતું હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સિવિલ મેડિસિટીની યુ.એન.મહેતા હોસ્પિટલમાં તદ્દન નજીવા દરે કરવામાં આવ્યું

વિકલ્પ ન હોય, તેવા દર્દીઓ માટે તો આશાનો સૂરજ ઉગ્યો છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ગઇ કાલે ૯૪મું અંગદાન થયું. ખેડા જિલ્લાના ૪૨ વર્ષીય રાજુભાઇ ડાભીને માથાના ભાગમાં ગંભીર ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. ગંભીર આંતરિક ઈજાઓને લીધે તેઓ બ્રેઈનડેડ થયા હતા. તેમના પરિવારજનોએ રાજુભાઈનાં અંગોનાદાનથકીઅન્યજરૂરિયાતમંદને નવજીવન આપવાનો હૃદયસ્પર્શી નિર્ણય કર્યો હતો. બ્રેઈનડેડ રાજુભાઈના અંગદાનમાં હૃદયનું દાન મળ્યું. જેણે સિવિલ મેડિસિટીની જ યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ ભાવનગરના ૨૯ વર્ષીય યુવકમાં સફળતાપૂર્ણ પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે. જે દર્દીમાં હૃદય પ્રત્યારોપણ કરવામાં આવ્યું, તે દર્દીને ૭ વર્ષથી હ્રઝરૅ નામની હૃદય સંબંધિત ગંભીર બીમારી હતી. જેના કારણે તેમને વારંવાર શ્વાસ ચઢવો, બેચેની થવી, ભૂખ ન લાગવી, ઉબકા આવવા, ખાંસી આવવી જેવી તકલીફોનો સામનો કરવો પડતો હતો. ખેતમજૂરી કરીને જીવન ગુજરાન ચલાવતા આ યુવકના પરિવાર માટે હૃદયનું પ્રત્યારોપણ અશક્ય હતું. પરંતુ રાજ્ય સરકાર સંચાલિત યુ.એન. મહેતા હોસ્પિટલમાં યુવકનું હૃદય પ્રત્યારોપણ થયું. તબીબોના મતે હાલ પ્રત્યારોપણ બાદ દર્દીની હાલત સ્થિર છે. અને થોડા જ દિવસોમાં હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવશે. અત્રે નોંધનીય વાત એ છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જોયેલા મેડિસિટીના સ્વપ્નના ફળ આજે મળતા થયાં છે. જેના પરિણામે એક જ કેમ્પસમાં ૧૦૦ મીટરથી પણ ઓછા અંતરે અંગદાન અને પ્રત્યારોપણ શક્ય બન્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે સિવિલ હોસ્પિટલમાંથયેલ૯૪અંગદાનમાંથી અત્યાર સુધીમાં એક વર્ષમાં ૨૫ હૃદયનું દાન મળ્યું છે.




કમલમ્ ન્યુઝ,

આગામી તા. ૧ નવેમ્બર ૨૦૨૨ ના રોજ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાનારા સ્નેહ મિલન કાર્યક્રમના આયોજન અને વ્યવસ્થાના ભાગરૂપે વોર્ડ નં. ૧૧ નાતમામ હોદ્દેદારો તથા કોર્પોરેટરશ્રીઓ સાથે ઝુંડાલ કાર્યાલય ખાતે મીટીંગ કરી તમામ હોદ્દેદારોને સ્નેહ મિલન કાર્યક્રમની વ્યક્તિગત તથા સંયુક્ત જવાબદારીઓ સોંપવામાં આવેલ.



કમલમ્ ન્યુઝ,

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ગાંધીનગર દ્વારા અરિહત આર્ટ કોમ્યુનિકેશન સંસ્થા ના કલાકાર દ્વારા સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી ઉજવઈએ રહી છે તે અંતર્ગત તારીખ ૨૫ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર દરમિયાન સમગ્ર દેશની સાથોસાથ ગાંધીનગર શહેર અને જિલ્લામાં ઉજવાઈ રહેલા એકતા ઉત્સવ અંતર્ગત ૨૭ મી ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલના જીવન કવન પર આધારિત નુક્કડ નાટકોનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં દહેગામ. તાલુકા ના. પાલુન્દ્રા.ચિસ્કારી. દેવકા ના મુવાડા. અમરાજીના મુવાડા. તેમજ ગાંધીનગરના તાલુકાના ગામ. સાદરા. વીરા તલાવડી. તારાપુર. ટીંટોડા ગામે. ભજવામાં આવ્યું હતું. જેમાં તમામ ગામના સરપંચ શ્રી ઉપસ્થિત રહ્યા હતા ગામના .જશવંતસિંહ ચૌહાણ.દિનેશભાઈચૌહાણ.શૈલેષભાઈ પટેલ. ભાવનાબેન રાઠોડ. તેમજ દરેક ગામના પંચાયતના સભ્યશ્રીઓ તેમજ ગામ જનોને બાળકો ઉપસ્થિત રહ્યા હતા સાથે સંસ્થા ના કલાકરો પૂજા.લખાવારા. રવિરાઠોડ. વૈશાલીબેન રશ્મિબેન ભરતીબારોટ. શૈલેષભાઈ પરમાર. સંજયભાઈ. ગોપાલભાઈ માલી. પ્રશાંત રાવલ કલાકરો દ્વારા સુંદર મજાનું નાટક દ્વારા સ્વચ્છતા ની જાણકરી અને સરદાર વલ્લભભાઈ જન્મ જયંતી નિમિત્તે લોકોને જાણકારી આપી હતી ને શપથ લેવડાવીયા હતા

# સ્મૃતિવન ભુજખાતે દેશ-વિદેશના ટુરીસ્ટ્સનો મેળાવડો






કમલમ્ ન્યુઝ,

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિના કારણે ભુકંપ બાદ કચ્છની કાયાપલટ થઇ ગઇ છે. ઓદ્યોગિક ક્ષેત્રે કાઠું કાઢ્યા બાદ કચ્છ હાલ પ્રવાસન હબ તરીકે ઉભર્યું છે. કચ્છ પ્રવાસીઓને આકર્ષે તે માટે સરકારે યાત્રાધામ તથા પ્રવાસન સ્થળોનો વિકાસ કર્યો છે અને હજુપણ આ દિશામાં સતત કામગીરી ચાલી રહી છે. જેમાં તાજેતરમાં વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પિત કરાયેલું ભુકંપના દિવગંતોની યાદમાં ભુજના ભુજીયા ડુંગર ખાતેનું સ્મૃતિવન ટુરીસ્ટસ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. હાલ પ્રવાસીઓ કચ્છને માણી રહ્યા છે ત્યારે સ્મૃતિવન ખાતે ટુરીસ્ટસનો મેળો જોવા મળી રહ્યો છે. સ્મૃતિવન જોઇને ટુરીસ્ટસના મોંઢામાંથી અચુક શબ્દો સરી પડે છે," કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા..."

# રાષ્ટ્રીય એકતા દિવસ નિમિતે સાયકલ રેલીનું આયોજન

**અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે સાઇકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું**



કમલમ્ ન્યુઝ,ધાર્મિક ભટ્ટ અરવલ્લી

૩૧ મી ઓકટોબર, ૨૦૨૨ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય એકતા દિવસ (રાષ્ટ્રીય એકતા દિવસ) સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ મનાવવામાં આવે છે. ૨૫ થી ૩૧ ઓકટોબર, ૨૦૨૨ દરમિયાન રાષ્ટ્રીય સ્તરે એકતા માટે એક અઠવાડીયાની લાંબી ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે . અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આજ રોજ સવારે ૦૮:૦૦ કલાકે એક સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું. જેનો રૂટ ઓધારી તળાવ થી ટાઉન હોલ, ટાઉન હોલ થી પેલેટ હોટલ, પેલેટ હોટલથી સહયોગ ચોકડી અને સહયોગ ચોકડીથી ઓધારી તળાવ તેની પૂર્ણાહુતી કરવામાં આવી. જેમાં મોટી સંખ્યામાં યુવાનોએ ભાગ લીધો અને આ ઝુંબેશને સફળ બનાવી.

# અવાજ પ્રદૂષણને અટકાવવાના પ્રતિબંધોનું પાલન કરવું

કમલમ્ ન્યુઝ,વડોદરા,

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસએક્ટ કલમ ૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે પોલીસ કમિશનરે હુકમ કર્યો છે. શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ જાહેર શાંતિ, સલામતી અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નિયમોને આધિન જાહેરહિતમાં રહી કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. અવાજ પ્રદૂષણને અટકાવવા અંગે વખતોવખતના ચૂકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, પર્યાવરણ વિભાગ દ્વારા પ્રસિધ્ધ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે તે મુજબ ધ્વનિ પ્રદૂષણનિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો મુજબ નક્કી કરવામાં આવ્યા છે તેનું ચૂસ્તપણે પાલન કરવાનું રહે છે. વિસ્તાર મુજબ નોઈઝ સ્ટાન્ડર્ડ નક્કી કરવામાં આવ્યા છે. સવારે ૬ થી રાત્રે ૧૦ દરમિયાન ઔદ્યોગિક વિસ્તારમાં ૭૫, વાણિજય વિસ્તારમાં ૬૫, રહેણાંકવિસ્તારમાં ૫૫ અને શાંત વિસ્તારમાં ૫૦ ડેસિબલ નોઈઝ સ્ટાન્ડર્ડ છે. રાત્રે ૧૦ થી સવારે ૬ દરમિયાન ઔદ્યોગિક વિસ્તારમાં ૭૦, વાણિજય વિસ્તારમાં ૫૫, રહેણાંકવિસ્તારમાં ૪૫ અને શાંત વિસ્તારમાં ૪૦ ડેસિબલ નોઈઝ સ્ટાન્ડર્ડ છે. સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને તહેવારો દરમિયાન, લગ્ન પ્રસંગો, મેળાવડા દરમિયાન લાઉડ સ્પીકર, ડ્રમ, પબ્લિક એડ્રેસ સીસ્ટમના ઉપયોગની ધ્વનિ પ્રદૂષણ ફેલાય છે. રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગિક પ્રવૃત્તિ, વાહનોની અવરજવર અને હોર્ન વગાડવાને કારણે તથા બાંધકામ દરમિયાન ઉપયોગમાં લેવામાં આવતા સાધનોને કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાય છે. આથી રાત્રે ૧૦ થી સવારે ૬ વાગ્યા સુધી નિયત કરવામાં આવેલા સમયમાં હોર્ન સહિત ધ્વનિ પ્રદૂષણ કરતા સાધનો વગાડવા પર પ્રતિબંધ છે. માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક, ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર વડોદરા શહેરના હુકમત વિસ્તારમાં વરઘોડા, રાજયકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જગ્યામાં ઉપયોગ માટે ખાનગીમાલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગમાટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહિ. હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવા વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકશે નહિ. એકબીજાને ઉશ્કેરણી થાય તેવા ગાયનો-ઉચ્ચારણોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહિ. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફિકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો-કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન-ગરબા જાહેરમાર્ગ રોકાઈ તે રીતે કરવા નહિ. ડી જે સીસ્ટમ વગાડવા માટે જણાવ્યું તે તમામ પ્રાવધાનોનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળો પર વગાડવા પર પ્રતિબંધ છે. માઈક સીસ્ટમ વગાડવા માટેના પ્રતિબંધોમાંથી છૂટછાટ માટેની શરતો પણ છે જેને ધ્યાને લેવાની રહેશે. વડોદરા શહેર વિસ્તારમાં તા. ૧૮-૧૧-૨૦૨૨ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે. હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ તથા જીપી એકટ કલમ-૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ઠરશે.

# લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ 'રાષ્ટ્રીય એકતા દિવસ'

**વડોદરા શહેર જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓના અધિકારી કર્મીઓએ રાષ્ટ્રીય એકતા દિવસે લીધા શપથ**





કમલમ્ ન્યુઝ,વડોદરા,

અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષશ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ તા. ૩૧ ઓક્ટોબર 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે રાજ્યમાં તમામ સરકારી કચેરીઓમાં ''રાષ્ટ્રીય એકતા દિવસ"ના શપથ લેવામાં આવે છે. જે અન્વયે કલેકટર કચેરી સહિત પ્રાદેશિક માહિતી કચેરી,વડોદરા અને શહેર જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓએ શપથ લઈ રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા જાળવી રાખવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ સાથે દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નિષ્ઠાપૂર્વકયોગદાન આપવાના શપથ લેવામાં

# કલેક્ટર કચેરી ખાતે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ જયંતીની ઉજવણીના ભાગરૂપે "રાષ્ટ્રીય એકતા દિવસ શપથ" લેવામાં આવ્યા



કમલમ્ ન્યુઝ,

નવસારીના કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ સહિતના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓએ રાષ્ટ્રની એકતા, અખંડતા અને સુરક્ષા જાળવી રાખવા માટે શપથ લીધા નવસારી તા. ૨૯ ઓકટોબર, તા. ૩૧ ઓકટોબરના રોજ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ પર્વની ઉજવણીના ભાગરૂપે રાજ્યની તમામ કચેરીઓમાં "રાષ્ટ્રીય એકતા દિવસ શપથ" લેવામાં આવનાર છે. જેના ભાગરૂપે આજ રોજ કલેકટર કચેરી ખાતે કલેક્ટર શ્રી અમિત પ્રકાશ યાદવ , અન્ય અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓએ રાષ્ટ્રની એકતા, અખંડતા અને સુરક્ષા જાળવી રાખવા માટે દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અને યોગદાન આપવા માટે સત્યનિષ્ઠા સાથે શપથ લીધા હતા.

# ત્રણ જિલ્લામાંથી એક દિવસ ૮ ધતિંગબાજોનો જાથા પર્દાફાશ કરશે

**ભારતભરમાં વિજ્ઞાન જાથા એકમાત્ર તટસ્થ રાષ્ટ્રીય સંસ્થા**



- **જામનગર–દેવભૂમિ દ્વારકા–પોરબંદર વિસ્તારના લોકો ધર્મના નામે છેતરપિંડી કરનારાની માહિતી મોકલે.**
- **આધાર પુરાવા સાથે વિડીયોગ્રાફી માહિતી ઉપયોગી સાબિત થશે.**
- **સમાજ સાથે છેતરપિંડી કરનારાને નાત–જાત–કોમ સાથે લેવાદેવા નથી.**
- **માહિતીની ખરાઈ કર્યા બાદ જ જાથા કાર્યવાહી કરશે.**
- **ભોગ બનેલા નાગરિક–પરિવારની હકિકત ધ્યાને લેવામાં આવશે.**
- **ભોગ બનેલાને સાથે રાખી પર્દાફાશ કરવામાં આવશે.**

કમલમ્ ન્યુઝ,અમદાવાદ

ભારતભરમાં ભારત જન વિજ્ઞાન જાથા એકમાત્ર તટસ્થ–રાષ્ટ્રીય સંસ્થા છે જેઓ ૩૦ વર્ષથી વિજ્ઞાન પ્રચાર–પ્રસાર સાથે અંધશ્રદ્ધા નિર્મૂલનની કામગીરી મીશનથી કરે છે. દોરા–ધાગા, મંત્ર–તંત્ર, ચમત્કાર, દિવ્ય–ચમત્કારિક શક્તિ, ઈલમ, પ્રાર્થનાથી રોગ મટાડવા, ભભુતી કે મંત્રેલું પાણી, ગુપ્ત ધન, એકના ડબલ કે સ્મશાન કે અવાવરૂ જગ્યાઓ ઉપર વિધિ–વિધાન કરી ધાર્મિક છેતરપિંડી કરનારાઓને નૈતિક પડકાર, નાગરિક ધર્મ કે ભવિષ્યમાં ગુન્હો બનતો અટકાવવા માટે પોલીસતંત્રને સાથે રાખી કાયદાની મર્યાદામાં કામગીરી કરવામાં આવે છે. નવેમ્બર ૩૦ મી સુધીમાં જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર વિસ્તારમાં સમાજ સાથે ધર્મની આડમાં યેનકેન ધાર્મિક છેતરપિંડી કરનારાઓમાંથી એક જ દિવસમાં આઠ ધતિંગબાજોનો પર્દાફાશ કરવાનું જાથાએ નક્કી કરેલ છે. ભોગ બનેલા વ્યક્તિ કે પરિવારે આધાર–પુરાવા સાથે વિડીયોગ્રાફી કરી માહિતી મોકલવા જાહેરમાં અનુરોધ કરવામાં આવ્યો છે. જાથાના ચેરમેન–એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે ત્રણ જિલ્લામાંથી રાગ–દ્વેષ વગરની, તટસ્થ માહિતી ધ્યાને લેવામાં આવશે. જાથા ખરાઈ કર્યા બાદ જ પોલીસ તંત્રને સાથે રાખી કાર્યવાહી કરશે. ખાસ કિસ્સામાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવશે. જાથા વર્ષોથી ધતિંગબાજોને એકવાર સુધરવાની તક આપી ફરિયાદ દાખલ કરતું નથી. પોતાના મન કે પરિવારને ધ્યાને રાખી અમુક ધતિંગબાજોએ દોરા–ધાગાનો છેતરપિંડીનો ધંધો બંધ કર્યો છે તેના અનેક દાખલા છે. જાથાના અનુભવ આધારે કાયદાથી અમુક તો ડરતા જ નથી. સમાજ, પરિવાર, કુટુંબ ખાતર ગોરખધંધા બંધ કરે છે તેવું જાથા માને છે. તેથી સમજાવટથી વિવેકપુર્ણ કાર્યવાહી કરવામાં આવે છે. જામનગર, ધ્રોલ, જોડીયા, ખંભાળીયા, લાલપુર, ભાટીયા, કલ્યાણપુર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાણાવાવ તાલુકા આસપાસના ગામોમાં મંત્ર–તંત્ર કે યેનકેન ધાર્મિક છેતરપિંડી કરનારાની માહિતી મોકલવા જાથા અનુરોધ કરે છે. વધુમાં જાથાના જયંત પંડયા જણાવે છે કે છેલ્લા ૩૦ વર્ષમાં જાથા ઉપર એકપણ કેઈસ નથી. એકસો રૂપિયાનો આક્ષેપ કે નામ જાહેર કરી શકયા નથી. એકપણ પ્રકરણમાં ઢાંકપિછોડ કરવામાં આવ્યો નથી. એકપણ વ્યક્તિ નામ આપી શકયા નથી. એકપણ પ્રકારનો ડાઘ નથી, નાત–જાત કે કોમને ધ્યાને રાખી કદી પણ પર્દાફાશ કરવામાં આવતો નથી. અમુક હિતશત્રુઓ ખોટા ઉભા કરી ઈર્ષાપ્રેરિત આક્ષેપ કરે છે તેની સામે બહુધા સમાજ નફરતથી જોવે છે. ખોટા સોગંદનામા તો ગમે તેટલા બનાવી શકાય છે તે કોર્ટમાં માન્ય નથી. સમગ્ર ભારતમાં જાથા સંસ્થા લોકપ્રિય સાબિત થઈ છે જે સૌ કોઈ નજરે જોઈ શકે છે. મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# સ્મૃતિવન ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ જન્મજયંતિ નિમિત્તે હ્યુમન ચેઈન કાર્યક્રમ યોજાયો

**જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરાયેલા આયોજનમાં મોટી સંખ્યામાં શહેરીજનો સામેલ થયા**



કમલમ્ ન્યુઝ,ભુજ,

આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત સરદાર વલ્લભભાઈ પટેલ જન્મજયંતિ નિમિત્તે જિલ્લા વહીવટી તંત્રદ્વારા ભુજ સ્મૃતિવન ખાતે હ્યુમન ચેઈન કાર્યક્રમ યોજાયો હતો. વહેલી સવારે સનસેટ પોઈન્ટ પર આયોજીત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામા શહેરીજનો સામેલ થઈને હ્યુમન ચેઈન બનાવી દેશને એક તાંતણે જોડનાર સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરી ભારતના વિકાસ અને ખુશાલીની કામના કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા રમત-ગમત અધિકારીશ્રીની કચેરી તથા નહેરૂ યુવા કેન્દ્ર કચ્છ કરાયુંહતું.

# ગુજરાત યુનિવર્સિટી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે ૧૦ મી નવેમ્બર સુધી આર્મી અગ્નિવીર ભરતી રેલીનું આયોજન

**રાજયના ૨૦ જિલ્લા અને ૨ કેન્દ્ર શાસિત પ્રદેશોના યુવાનો આ ભરતી રેલીમાં સહભાગી બનશે**

કમલમ્ ન્યુઝ,

ગુજરાત રાજયના ૨૦ જિલ્લાઓ અને બે કેન્દ્રશાસિત પ્રદેશોના આર્મી અગ્નિવીર ભરતી રેલી માટે ૧૦ નવેમ્બર ૨૦૨૨ સુધી ગુજરાત યુનિવર્સિટી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ એરેના, નવરંગપુરા, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. અગ્નિવીર જનરલડ્યુટી (તમામ આર્મ્સ), અગ્નિવીર ટેક્નિકલ, અગ્નિવીર ક્લાર્ક/સ્ટોર કીપર ટેકનિકલ/ઈન્વેન્ટરી મેનેજમેન્ટ (બધા આર્મ્સ), અગ્નિવીર ટ્રેડ્સમેન (૧૦મું પાસ) અને અગ્નિવીર ટ્રેડ્સમેન (૮મું પાસ) (બધા આર્મ્સ) (હાઉસ કીપર અને મેસ કીપર) કેટેગરી માટે ભરતી હાથ ધરવામાં આવી રહી છે. આ રેલી આણંદ, વલસાડ, તાપી, ડાંગ, નવસારી, સાબરકાંઠા, વડોદરા, મહેસાણા, સુરત, બનાસકાંઠા, નર્મદા, મહીસાગર, અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, ભરૂચ, છોટા ઉદેપુર, ખેડા, દાહોદ , પંચમહાલ જેવા ૨૦ જિલ્લા અને દમણ અને દાદરા-નગર હવેલીના બે કેન્દ્રશાસિત પ્રદેશોના નિવાસી ઉમેદવારોને લાગુ પડશે. ઉમેદવારોને સૂચના આપવામાં આવે છે કે તેઓએ જાહેરાતમાં દર્શાવ્યા પ્રમાણેના તેમના દસ્તાવેજો જેમ કે અસલ શિક્ષણ પ્રમાણપત્રો, પૂરતી સંખ્યામાં ફોટોગ્રાફ્સ, ફોર્મેટ મુજબ માન્ય સોગંદનામું, નિવાસી, જાતિનું પ્રમાણપત્ર વગેરે સાથે રાખવા. "કોઈપણ ઉમેદવારને એડમિટ કાર્ડ (ઓળખપત્ર) વિના રેલીમાં પ્રવેશ આપવામાં આવશે નહીં". આર્મી સત્તાવાળાઓ દ્વારા તમામ ઉમેદવારોને કોઈપણ પ્રકારના દલાલો કે એજન્ટોની વાતો પર ધ્યાન ન આપવાની સલાહ આપવામાં આવે છે, કારણ કે સમગ્ર ભરતી પ્રક્રિયા ખૂબ જ ન્યાયી, પારદર્શક અને મફત છે. જો કોઈ દલાલ કે એજન્ટ ઉમેદવારનો સંપર્ક કરે,તો આવા ઉમેદવારે તરત જ લશ્કરી અધિકારીઓ/પોલીસને જાણ કરવી જોઈએ અથવા આવી કોઈપણ પ્રવૃત્તિઓની CPGRAMS પર ફરિયાદ નોંધાવવી જોઈએ.

# જામનગરમા ધર્મસભામાં સનાતન ધર્મની આહલેક સમાજજીવનમા વણી લેવા સદાનંદ સરસ્વતીજીએ આપી સમજ









કમલમ્ ન્યુઝ,જામનગર ( ભરત ભોગાયતા)

સનાતન ધર્મની આદી શંકરાચાર્યજી દ્વારા રાષ્ટ્રમા સ્થાપેલી ચાર મુખ્ય પીઠ પૈકીની શારદાપીઠ દ્વારકા ના નવનિયુક્ત પીઠાધીશ્વર સદાનંદ સરસ્વતીજી એ ધર્માતરણ બાબતે ચિંતા વ્યક્ત કરી ને તે બાબત નુકસાનકર્તા હોઈ તેની સામે ધર્મ જાગરણ ની આહલેક ની આગ્રહ ભર્યા અનુરોધ સ્વરૂપે દર્શાવી મહત્વનો સંદેશો આપ્યો હતો તેમજ પ્રલોભન કે મજબુરી કે લાલસામા તણાઈ નેથતા ધર્માંતરણ ને રોકવા સૌ જાગૃત રહે સાવચેત રહે અને સ્વધર્મે મક્કમ રહેવુ તેમ જણાવ્યુ હતુ આ તકે ( શ્રીમદ ભગવદ મા પણ છે કે "સ્વધર્મે નિધનમ શ્રેયમ..."પરધર્મો ભયાવહ...")પોતાના ધર્મ ને વ્યાપક અર્થમા રોજ બરોજના કાર્યકલાપ ના અંગ તરીકે પાલન કરવા આજ્ઞા કરી હતી એકંદર જોઈએ તો શંકરાચાર્યજીએ પ્રત્યક્ષ અને પરોક્ષ બંને રીતે સમાજજીવન મા સંસ્કાર સાધના અને સમજ ના સનાતન માર્ગદર્શન રજુ કરી હાલની સ્થિતિની સમીક્ષા દરમ્યાન મહત્વના મુદા વણી લઈ જાગૃત ઉર્જાવાન ઓજસ્વી બનવાના તેમજ અડગ રહેવાના આશીર્વાદ સહ આગ્રહ રાખ્યો હતો વ્યક્તિના દુઃખ અને સમજ વચ્ચે ના ભેદ પણ સમજાવી દરેક વ્યવહાર સમ તથા અપેક્ષા વગર અને મર્યાદાઓ સહ હોય તો દુઃખનુ નિવારણ થઈ શકે તેમ સમજાવવાની છણાવટ કરી હતી. જામનગરના ૭૮ ઉતર બેઠકના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા) ને ત્યા પધરામણી કરી ભાઈબીજના દિવસે જામનગર ના ધર્મપ્રેમીઓ ઉપર અનુગ્રહ કર્યો હતો આ અવસરે નગરના આગેવાનો શ્રેષ્ઠીઓ ધર્મઅનુરાગી ભાઈઓ બહેનો યુવાનોસહિત મોટી સંખ્યામા મુમુક્ષો પણ શંકરાચાર્યજીની વાણીનો લ્હાવો લેવા અને દર્શન કરવા આવ્યા હતા.

# ડાંગના કર્મયોગીઓએ લીધી 'રાષ્ટ્રીય એકતા શપથ'



કમલમ્ ન્યુઝ,
અમરનાથ જગતાપ
'રાષ્ટ્રીય એકતા દિવસ' ની ઉજવણીના ભાગરૂપે ડાંગ જિલ્લાના વહીવટી તંત્રના જિલ્લા સ્તરથી લઈને ગ્રામ્ય સ્તર સુધીના કર્મયોગીઓએ 'રાષ્ટ્રીય એકતા ના શપથ' ગ્રહણ કર્યા હતા. એક ભારત, શ્રેષ્ઠ ભારતના સ્વપ્રદ્રસ્ટા લોહપુરુષશ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ ને દેશ સમસ્તમા રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામા આવે છે. જેના ભાગરૂપે આજે ડાંગ કલેકટર શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાની આગેવાની હેઠળ જિલ્લા સેવા સદન ખાતે મહેસુલી અધિકારી, કર્મચારીઓએ એકતાના શપથ ગ્રહણ કર્યા હતા. તો જિલ્લા પંચાયત ભવન ખાતે જિલ્લા વિકાસ અધિકારશ્રી ડો.વિપીન ગર્ગની ઉપસ્થિતિમા જિલ્લા પંચાયતની જુદી જુદી શાખાના શાખા અધિકારીઓ ઉપરાંત કર્મચારીઓએ પણ શપથ ગ્રહણ કર્યા હતા. આહવા ઉપરાંત જિલ્લાના વઘઈ અને સુબિર તાલુકા ખાતે પણ મામલતદારશ્રી સહિતના અધિકારી, કર્મચારીઓએ શપથ ગ્રહણ કરી 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો સંદેશ ગુંજતો કર્યોહતો. વન વિભાગની કચેરી ખાતે પણ નાયબ વન સંરક્ષક સર્વશ્રી દિનેશભાઈ રબારીની આગેવાની હેઠળ ફોરેસ્ટ ફોર્સ એ શપથ લીધા હતા, તો પોલીસના જવાનોએ પણ એકતા દિવસના શપથ લીધા હતા. જિલ્લા અને તાલુકા મથકો ઉપરાંત ગ્રામ્ય કક્ષાની કચેરીઓ, આરોગ્ય કેન્દ્રો, આંગણવાડી કેન્દ્રો, પંચાયતો કક્ષાએ પણ રાષ્ટ્રીય એકતા શપથ ગ્રહણ કર્યા હતા. રાષ્ટ્રીય એકતા દિવસે ડાંગના કર્મયોગીઓએ જે શપથ ગ્રહણ કર્યા છે, તે અક્ષરશઃ આ મુજબ છે. 'હું સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છું કે હું રાષ્ટ્રની એકતા, અખંડતા, અને સુરક્ષા જાળવી રાખવા માટે સ્વયંને સમર્પિત કરીશ, અને મારા દેશવાસીઓમા પણ આ સંદેશ ફેલાવવાનો પૂરો પ્રયત્ન કરીશ. હું આ શપથ મારા દેશની એકતાની ભાવનાથી લઈ રહ્યો છુ. જે સરદાર વલ્લભભાઈ પટેલની દૂરંદેશી, અને કાર્યો થકી સંભવ બની છે. હું મારા દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મારું પોતાનું યોગદાન આપવા માટે પણ સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છુ.' ૩૧મી ઓકટોબર 'રાસ્ટ્રીય એકતા દિન' લોહપુરુષની જન્મજંયતી નિમિત્તો સમગ્ર ડાંગ જિલ્લામા સાયકલ તેમજ બાઈક રેલીનુ પણ આયોજન કરવામા આવેલ છે. જેમા જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતેના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતેથી રેલીનુ પ્રસ્થાન કરાવવામા આવશે. જ્યારે ગ્રામ્ય વિસ્તારોમા દરેક પંયાતમા સ્થાનિક આગેવાનો, પધાધિકારીઓ તેમજ લોકો દ્વારા સાઈકલ તેમજ બાઈક રેલીનુલ આયોજન કરી 'રાસ્ટ્રીય એકતા દિન' ની ઉજવણી કરવામા આવશે.

# ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ શહેરમાં નવીન પોલીસ સુવિધાઓનું લોકાર્પણ કર્યું



કમલમ્ ન્યુઝ,વડોદરા,
કાયદા મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી તથા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી મનીષાબેન વકીલની વિશેષ ઉપસ્થિતિમાં ગૃહ રાજય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ શહેરમાં નવીન પોલીસ સુવિધાઓનું લોકાર્પણ કર્યું. તેમણે જે. પી. રોડ - એસ.ઓ.જી કચેરી ખાતે નવીન પોલીસ પૂછપરછ અને તપાસ સુવિધાનું લોકાર્પણ કર્યુ હતું. આ સાથે જ તેમણે પાણીગેટ નજીક સુલેમાની ચાલીના સ્થળે નવનિર્મિત ભવનમાં પાણીગેટ અને સાયબર ક્રાઈમ પોલીસ મથક અને નાયબ તેમજ મદદનીશ પોલીસ કમિશનર કચેરીઓ ખુલ્લી મૂકી હતી.લોકાર્પિત થયેલી સુવિધાઓમાં એસ.ઓ.જી કચેરી ખાતે સાયન્ટિફિક ઈન્ટ્રોગેશન રૂમ, નવનિર્મિત પાણીગેટ પોલીસ સ્ટેશન, પોલીસ પરિવાર કલ્યાણ યોજના હેઠળ મળતા લાભોનો વિસ્તાર, પ્રતાપનગર પોલીસ મુખ્ય મથક ખાતે ઓપન સ્પોર્ટસ જીમ-સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ તેમજ પોલીસ યુથ સ્પોર્ટસ કલબનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગૃહ રાજ્યમંત્રીશ્રીએ સુગંધ સંવેદનશીલતાની "SHE TEAM" બુકલેટનું અનાવરણ પણ કર્યુ હતું.

૧) એસ.ઓ.જી કચેરી ખાતે સાયન્ટિફિક ઈન્ટ્રોગેશન રૂમ : વડોદરા શહેરમાં એસ.ઓ.જી કચેરી ખાતે આધુનીક ટેકનોલોજી સાથેનો સાયન્ટિફિક ઈન્ટ્રોગેશન કંટ્રોલરૂમ ટેકનોલોજીથી સજ્જ અને બાયોમેટ્રિક એક્સેસ, સાઉન્ડ પ્રુફ અને સતત ૧૦૦૦ કલાક ઓડિયો અને વિડિયો રેકોર્ડિંગ થાય તેવી વ્યવસ્થા સાથેનો ઓટો સિસ્ટમ સાયન્ટિફિક ઈન્ટ્રોગેશન રૂમ બનાવવામાં આવ્યો છે.

૨) "પાણીગેટ" નવીન તૈયાર કરવામાં આવેલ પોલીસ સ્ટેશનઃ વડોદરા શહેર ખાતે સુલેમાનની ચાલી ખાતે પાણીગેટ પોલીસ સ્ટેશન, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ઈ" ડીવીઝન અને નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૩ની કચેરી કાર્યરત કરવા માટે નવીન બિલ્ડિંગ બનાવવામાં આવેલ છે.

૩) પોલીસ પરિવાર કલ્યાણ યોજનાઃ -પોલીસ પરિવાર કલ્યાણ યોજનાની કમિટી અને સબ કમિટી બનાવવામા આવેલ છે. તથા પોલીસ અધિકારી/કર્મચારીઓના પરીવારને વેલ્ફેર એકટીવીટીથી મોટી સહાય થાય તેવી દરખાસ્ત કરવામા આવેલ છે.

આ યોજના હેઠળ મર્હુમ પોલીસ અધિકારી/કર્મચારીઓના પરિવારને વધુમાં વધુ લાભ મળી રહે તે માટે એન.જી.ઓ કે અન્ય સ્વૈચ્છીક સેવાકીય પ્રવૃતી કરતી સંસ્થાઓ પોલીસ પરિવાર કલ્યાણ યોજના સાથે જોડી નીચે મુજબની મદદ મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવશે. મર્હુમ પોલીસ પરિવારના સભ્યોને જીવન જરૂરીયાત ચીજવસ્તુ-, શૈક્ષણિક જરૂરીયાત, આરોગ્યલક્ષી જરૂરીયાત અને રોજગારલક્ષી જરૂરીયાત સાથાણા ઈન્ચાર્જશ્રીઓએ પોતાના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ શૈક્ષણિક અને આરોગ્ય સંબંધિત સંસ્થા અને હોસ્પિટલ તેમજ રોજગારલક્ષી જીઆઈડીસી અથવા ઈન્ડસ્ટ્રીયલ એરિયાના સંચાલકો સાથે સંકલનમાં રહી તકો પૂરી પાડવા પ્રયાસો કરશે.

૪) આઉટ ડોર જીમ તથા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ : પ્રતાપનગર પોલીસ મુખ્ય મથક ખાતે ઓપન સ્પોર્ટસ જીમ તેમજ સ્પોર્ટ્સ ગ્રાઉંડની મુલાકાત તથા આઉટડોર ઓપન જીમમાં આધુનીક નવા ૧૮ જેટલા સાધનો દ્વારા તેમજ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ દ્વારા પોલીસ તથા પોલીસ પરીવાર પોતાનુ સ્વાસ્થય (ફિટનેશ) સારૂ રાખી શકે તે માટે જીમનો ઉપયોગ કરી શકે છે. તેમજ સ્પોર્ટ્સ સંકુલમા વિવિધ રમતો જેવીકે ફુટબોલ, વોલીબોલ, લોન ટેનીસ તથા એથલેટિકસ (રનિગ ટ્રેક) વગેરે બનાવવામાં આવ્યું છે.

૫) સુગંધ સંવેદનશીલતાની "SHE TEAM" બુકલેટનું અનાવરણઃ વડોદરા શહેર શીટીમ દ્વારા મહિલાઓ, બાળકો અને સિનિયર સીટીઝનની સુરક્ષા અને સલામતીને ધ્યાને લઈ સંવેદનશીલતા સાથે અસંખ્ય કામગીરી કરવામાં આવેલ છે. શી ટીમ "Women in action" નું ઉત્તમ ઉદાહરણ છે. અત્યંત મૃદુતાથી અને સંવેદનશીલતાથી શી ટીમની મહિલા ફોર્સ વિવિધ પ્રોજેકટ અંતર્ગત લોકોની મદદ કરી રહી છે. કોરોના કાળમાં પણ શી ટીમે સરાહનીય કામગીરી કરેલ છે. આ તમામ માનવતાસભર કામગીરીના અનેક કિસ્સાઓ પૈકી કેટલાક કિસ્સાઓને સંગઠિત કરી તેમજ વિવિધ પ્રોજેકટ અંગે પ્રકાશ પાડી પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવાનું છે. જેનું નામ "સુગંધ સંવેદનશીલતાની" SHE TEAM મહિલાઓ સાથે મહિલાઓ માટે" છે.

૬) પોલીસ યુથ સ્પોર્ટસ કલબનું લોન્ચિંગઃ Fit India મિશન અંતર્ગત જનતા માં સ્પોર્ટ્સ અને ફિટનેસ બાબતે જાગૃતિ આવે તથા પોલીસ અને પબ્લિક વચ્ચે વધુ સુમેળ રચાય તે માટે પોલીસ યુથ સ્પોર્ટ્સ કલબની રચના કરવામાં આવેલ છે. દરેક પોલીસ સ્ટેશનમાં ૧૦૦ યુવાનોને જોડવામાં આવ્યા છે. તેમજ પોલીસ અને પબ્લિકની વિવિધ સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ્સનું આયોજન કરવામા આવનાર છે. આ પ્રોજેકટ અંતર્ગત વડોદરા શહેર પોલીસના "મિશન કલિન" અભિયાનમાં પોલીસ યુથ સ્પોર્ટ્સ કલબનાં યુવાનોને સામેલ કરી "નશામુકત વડોદરા" માટે યુવનોને કાઉન્સેલિંગ તેમજ રિહેબીલીટેશન જેવી એકટીવીટિમાં સંપુર્ણ સાથે રાખીને અવેરનેશ પ્રોગ્રામ કરવામા આવે છે, જેથી યુવાવર્ગ ડ્રગ્સ જેવા દુષણથી દુર રહે. આ પ્રોજેકટનો મુખ્ય હેતુ રમત –ગમતના માધ્યમથી પોલીસ અને પબ્લિક વચ્ચેના સંબધોને વધુ સારા બનાવવાનો છે. આ પ્રસંગે મેયરશ્રી કેયુરભાઈ રોકડીયા, ધારાસભ્યો, શહેર પોલીસ કમિશનરશ્રી શમશેરસિંઘ, ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજયના ઊર્જામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ દ્વારા રાજયના વીજ ગ્રાહકોને વધુ સારી વીજ સેવાઓ મળે તે માટે રાજય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

**વીજ ગ્રાહકોના લાભાર્થે લીધેલા આ નિર્ણયથી દક્ષિણ ગુજરાત વીજ કંપની હેઠળના સુરત, ડાંગ અને વલસાડ જિલ્લાના દૂરસુદૂર વિસ્તારોમાં રહેતા વીજ ગ્રાહકોને ઉત્તમ વીજ સેવા પૂરી પાડવાના કાર્યમાં ખૂબ મોટી મદદ મળશેઃ - ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઇ**

## ધરમપુર, કીમ અને વઘઇ એમ ત્રણ નવીન વિભાગીય કચેરીઓ (ડિવિઝન ઓફિસ) બનાવવા મંજૂરી



કમલમ્ ન્યુઝ,
મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજયના ઊર્જામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ દ્વારા તમામ વીજ ગ્રાહકોને ઉત્તમ વીજ સેવા અને સુવિધાઓ વધુને વધુ નજીકના સ્થળેથી સુનિશ્ચિત થાય તે માટે રાજ્ય સરકારે હંમેશા પ્રગતિશીલ નિર્ણયો લીધેલા છે. આવા જ એક મહત્વપૂર્ણ નિર્ણય હેઠળ રાજ્ય સરકાર દ્વારા દક્ષિણ ગુજરાત વીજ કંપનીના કાર્યક્ષેત્રમાં ધરમપુર, કીમ અને વઘઈ એમ ત્રણ નવીન વિભાગીય કચેરીઓ (ડિવિઝન) બનાવવા માટે મંજૂરી આપવામાં આવી છે. આ અંગે વધુ વિગતો આપતા ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે તાજેતરમાં દક્ષિણ ગુજરાત વીજ કંપનીના કાર્યક્ષેત્ર હેઠળની વાપી ગ્રામ્ય વિભાગીય કચેરીનું વિભાજન કરીને નવીન ધરમપુર વિભાગીય કચેરી, કડોદરા વિભાગીય કચેરીનું વિભાજન કરીને નવીન કીમ વિભાગીય કચેરી અને નવસારી ગ્રામ્ય વિભાગીય કચેરીનું વિભાજન કરીને નવીન વઘઈ વિભાગીય કચેરી એમ ત્રણ નવીન વિભાગીય કચેરીઓ (ડિવિઝન) બનાવવામાં આવશે.

નવીન ધરમપુર વિભાગીય કચેરી વલસાડ જિલ્લામાં, નવીન કીમ વિભાગીય કચેરી સુરત જિલ્લામાં અને નવીન વઘઈ વિભાગીય કચેરી ડાંગ જિલ્લામાં બનશે.


નવીન કીમ વિભાગીય કચેરી બનવાને કારણે કરંજ, મોટા વરાછા, કીમ વિગેરે વિસ્તારોના વીજ ગ્રાહકોને વિભાગીય કચેરીને લગતા કામ માટે કડોદરા જવું પડતું હતું, જેને બદલે હવેથી કીમ ખાતે મંજૂર થયેલ નવીન કચેરીથી વીજ ગ્રાહકોને વીજ સેવાઓ મળશે.

વાપીથી કપરાડા સુથારપાડા નાનાપોંઢા, ધરમપુર વગેરે વિસ્તારો વાપીથી ૭૦ કી.મી.થી વધુ દૂર હોવાને કારણે ગ્રાહકોને અગવડ પડતી હતી જેથી સરકાર દ્વારા ભૌગોલિક અનુકૂળતા રાખવા માટે નવીન ધરમપુર વિભાગીય કચેરી મંજૂર કરવામાં આવેલ છે. નવસારી ગ્રામ્ય વિભાગીય કચેરી હેઠળના વાંસદા, પીપલખેડ, વઘઈ, આહવા, સાપુતારા, અનાવલ વિસ્તારો નવસારીથી ૧૦૦ કી.મી.થી વધુ દૂર હોવાને કારણે ગ્રાહકોને નજીકના સ્થળેથી વીજ સેવાઓ મળી રહે તે માટે નવીન વઘઈ વિભાગીય કચેરી મંજૂર કરવામાં આવેલ છે. નવીન ધરમપુર વિભાગીય કચેરી અને નવીન વઘઈ વિભાગીય કચેરીને કારણે આદિવાસી તેમજ જંગલ વિસ્તારોમાં રહેતા વીજ ગ્રાહકોને પણ ખૂબ મોટો લાભ મળશે. રાજ્યના વીજ ગ્રાહકોને વધુ સારી વીજ સેવાઓ મળે તે માટે બનાવવામાં આવેલ નવીન પેટા વિભાગીય કચેરીઓ અંગે માહિતી આપતા ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં સમગ્ર રાજયમાં ૧૬ પેટાવિભાગીય કચેરીઓ બનાવવામાં આવી છે જે પૈકી દક્ષિણ ગુજરાતમાં ૬, ઉત્તર ગુજરાતમાં ૫, મધ્ય ગુજરાતમાં ૩ અને પશ્ચિમ ગુજરાતમાં ૨ નવીન કચેરીઓ બનાવવામાં આવી છે. રાજ્યના વીજ ગ્રાહકોને સારી વીજ સેવાઓ ઉપરાંત ગુણવત્તા યુક્ત અને સાતત્ય પૂર્ણ વીજપુરવઠો પણ મળી રહે તે માટે છેલ્લા એક વર્ષમાં ૧૦૬ નવીન સબ સ્ટેશન બનાવવામાં આવેલ છે તથા વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૧૦ નવીન સબ સ્ટેશન બનાવવાનું આયોજન છે. તેમ મંત્રીશ્રીએ જણાવ્યુ હતું. આ નવીન કચેરીઓ અને સબ સ્ટેશન બનવાને કારણે વીજ ગ્રાહકોને વધુ સારી વીજ સેવા અને સુવિધાઓ મળવાની સાથે સાથે ગુણવત્તાયુક્ત અને સાતત્ય પૂર્ણ વીજ પુરવઠો મળશે તેમ ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ ઉમેર્યું હતું. છેલ્લા એક વર્ષમાં વૈશ્વિક વીજ કટોકટી દરમિયાન રાજ્યની અસામાન્ય વીજ માંગને પહોંચી વળવા માટે લેવામાં આવેલ પગલાં અંગે વાત કરતાં મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે આવનારા સમયમાં તમામ પ્રોજેક્ટ્સમાંથી વીજ પુરવઠો ઉપલબ્ધ રહે તેવી ચોક્કસ વ્યવસ્થા કરવામાં આવી અને કોલસાની ગુણવત્તા, ઉપલબ્ધિ વહન, કિમંત વગેરેના વિવિધ પ્રશ્નોના .. ઉકેલ માટે કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રી, રેલ્વે મંત્રી અને કોલસા મંત્રીની રૂબરૂ મુલાકાત લઈ જરૂરી પરામર્શ કરી તમામ સમસ્યાઓનું કાયમી નિરાકરણ કરવામાં આવેલ રાજ્યના વીજ ગ્રાહકોને ઉત્તમ વીજ સેવાઓ તેમજ ગુણવત્તા યુક્ત અને સાતત્ય પૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવાની સાથે સાથે રાજ્યની વીજ માંગને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે તેમ મંત્રીશ્રી જણાવ્યું હતું.

# આદિવાસી બાળકોનું મ્યુઝિકલ બેન્ડ ૩૧મી ઓક્ટોબરે કેવડિયામાં પ્રધાનમંત્રીની સામે પરફોર્મ કરશે

**જે બાળકો એક સમયે અંબાજી મંદિરમાં ભીખ માગતા હતા તેઓ હવે પીએમના પ્રોત્સાહન બાદ કેવડિયામાં પરફોર્મ કરશે**





**અગાઉ પણ ૩૦મી સપ્ટેમ્બરે પીએમની અંબાજી મુલાકાત વખતે બેન્ડે પરફોર્મ કર્યું હતું**

કમલમ્ ન્યુઝ,
બનાસકાંઠા જિલ્લાના અંબાજી નગરના આદિવાસી બાળકોનું મ્યુઝિકલ બેન્ડ ૩૧મી ઓકટોબરે કેવડિયામાં પ્રધાનમંત્રીની સામે પરફોર્મ કરશે. રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તો પ્રધાનમંત્રી કેવડિયાની મુલાકાત લેશે. એવું પહેલીવાર નથી કે જ્યારે પ્રધાનમંત્રી માટે મ્યુઝિકલ બેન્ડ પરફોર્મ કરશે. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ, જ્યારે પ્રધાનમંત્રી અંબાજી, ગુજરાતની મુલાકાતે ગયા હતા, ?૭૨૦૦ કરોડથી વધુના મૂલ્યના વિવિધ વિકાસ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો અને રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા, જ્યારે તેઓ જાહેર સમારોહ માટે આવી રહ્યા હતા ત્યારે બેન્ડે પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યું હતું,. પ્રધાનમંત્રીએ યુવા બેન્ડના પ્રદર્શનની માત્ર પ્રશંસા અને આનંદ માણ્યા જ નહીં પરંતુ તેમણે ખાતરી કરી કે જાહેર સમારંભ શરૂ થાય તે પહેલાં તેઓ વ્યક્તિગત રીતે તેમની સાથે વાતચીત કરે. પોતાના યુવા મિત્રોને પ્રોત્સાહિત કરવા માટે પ્રધાનમંત્રીએ તેમની સાથે ગ્રુપ ફોટો પણ પડાવ્યો. આવા અસાધારણ સંગીત કૌશલ્યો શીખેલા આ આદિવાસી બાળકોની વાર્તા સાંભળવા જેવી છે. બાળકો એક સમયે તેમની મૂળભૂત જરૂરિયાતો અને શિક્ષણ મેળવવાની તક માટે લડતા હતા. તેઓ ઘણીવાર અંબાજી મંદિર પાસે જોવા મળતા હતા જ્યાં તેઓ મુલાકાતીઓની સામે ભીખ માગતા હતા. અંબાજી સ્થિત શ્રી શક્તિ સેવા કેન્દ્ર નામની સ્થાનિક એનજીઓએ આવા બાળકો સાથે કામ કર્યું કે જેથી તેમને માત્ર શિક્ષિત કરવા જ નહીં, પરંતુ તેઓ કઇ કૌશલ્યોમાં સારા છે તે પણ ઓળખી શકાય. એનજીઓ શ્રી શક્તિ સેવા કેન્દ્ર દ્વારા મ્યુઝિકલ બેન્ડ સાથે આદિવાસી બાળકોની કુશળતા વિકસાવી હતી. પ્રધાનમંત્રીએ યુવા બેન્ડના પ્રદર્શનનો એટલો આનંદ માણ્યો અને પ્રશંસા કરી કે તેમણે ખાતરી કરી કે રાષ્ટ્રીય એકતા દિવસના અવસરે ૩૧મી ઓકટોબરે બેન્ડને કેવડિયામાં આમંત્રિત કરવામાં આવે, જેથી તેઓ પણ ઐતિહાસિક દિવસે ભાગ લઈ શકે અને પ્રદર્શન કરી શકે. ૩૧મી ઓકટોબરે પ્રધાનમંત્રી કેવડિયાની મુલાકાત લેશે અને સરદાર પટેલને તેમની ૧૪૭મી જન્મજયંતી પર શ્રદ્ધાંજલિ આપશે. તે એકતા દિવસ પરેડમાં પણ ભાગ લેશે અને લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમિનિસ્ટ્રેશન ખાતે ફાઉન્ડેશન કોર્સ હેઠળ વિવિધ સિવિલ સર્વિસીસ સાથે જોડાયેલા અધિકારી તાલીમાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે.

# લોહપુરુષ સ્વર્ગસ્થ સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિન તથા આઝાદીના અમૃત મહોત્સવને અનુલક્ષીને ૧૦૦મી બટાલિયન આરએએફ દ્વારા વાહિનીમાં વિવિધ કાર્યક્રમોનું ત્રણ દિવસીય આયોજન

કમલમ્ ન્યુઝ,
અમદાવાદમાં વસ્ત્રાલ સ્થિત રેપિડ એક્શન ફોર્સ (આરએએફ) ની ૧૦૦મી વાહિની મુખ્યાલયમાં તા. ૨૯ ઓકટોબરથી ૩૧ ઓક્ટોબર સુધી લોહપુરૂષ સ્વર્ગસ્થ સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિન તથા આઝાદીના અમૃત મહોત્સવને અનુલક્ષીને શ્રી ગોવિંદ પ્રસાદ ઉનિયાલ કમાન્ડન્ટ મહોદય ૧૦૦મી વાહિનીના દિશાનિર્દેશ માં નીચેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે:

- તા. ૨૯ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ વાહિની કેમ્પથી કાંકરિયા તળાવ સુધી સાયકલ રેલીનું આયોજન.
- તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ વાહિની કેમ્પથી સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેચ્યુ, ગાંધીનગર સુધીનું બાઈક રેલીનું આયોજન.
- તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ રન ફોર યુનિટી, શપથ ગ્રહણ સમારંભ, રાષ્ટ્રીય એકતા શ્રેણી અને માર્ચ પાસ્ટનું આયોજન.





મા ભારતીના અમર સપૂત, આધુનિક ભારતના શિલ્પકાર, રાષ્ટ્રીય એકતાના સૂત્રધાર અને ભારતના પ્રથમ ગૃહમંત્રી લોહપુરૂષ સ્વર્ગીય સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિન ૩૧ ઓકટોબરના રોજ દર વર્ષે રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે મનાવવામાં આવે છે. એક ભારત શ્રેષ્ઠ ભારતના નિર્માણમાં તેમનું યોગદાન હંમેશા યાદ રહેશે. ભારતની એકતા અને અખંડિતતા માટે આજીવન સમર્પિત રહેનારા સરદાર વલ્લભભાઈ પટેલની જયંતીને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે મનાવવામાં આવે છે. આ દિવસ આપણને શાંતિ, સૌહાર્દ, સહકાર અને બંધુત્વની ભાવના સાથે રહેવાની પ્રેરણા આપે છે. આ પ્રસંગે શ્રી ગોવિંદ પ્રસાદ ઉનિયાલ, કમાન્ડન્ટ-૧૦૦મી વાહિની આરએએફ દ્વારા વાહિનીમાં ઉપસ્થિત તમામ અધિકારી, અધીનસ્થ અધિકારી તથા જવાનો તથા સ્કૂલના બાળકોની ઉપસ્થિતિમાં ઉપરોક્ત કાર્યક્રમોનો શુભારંભ કરવામાં આવ્યો. ૧૦૦મી વાહિની આરએએફનો મુખ્ય ઉદ્દેશ સામાન્ય જનતાની વચ્ચે જઈને પોલીસ ફોર્સની છબિને વધુ મજબૂત બનાવવાનું છે તથા અસામાજિક તત્વો માટે એક આકરો પડકાર આપીને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સ્થાનિક પોલીસને મદદરૂપ બનવાનો છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028